ક્રમાંક: અનદ-૧/ધ/માધ્ય/૨૦૧૯/૧૦૭૪૭-૯૮૦

કમિશનર શાળાઓની કચેરી,
બ્લૉક નં. ૯/૧, ડૉ. જી.એમ. ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૨૪/ ૦૪ /૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ

વિષય: રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શાળાવાર/વિષયવાર શિક્ષણ સહાયકોની ખાલી જગ્યાઓની માહિતી મોકલવા બાબત.

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૯/૭૪૧(૨)/ગ તા.૦૨/૦૭/૯૯
(૨) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૨/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/જી તા.૧૧/૦૨/૧૧
(૩) આ કચેરીના પત્ર ક્રમાંક: અનદ-૧/ધ/માધ્ય/૨૦૧૮/૧૬૪૬૬-૯૯ તા.૦૯/૦૮/૧૮

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શાળાવાર/વિષયવાર શિક્ષણ સહાયકોની ખાલી જગ્યાઓની માહિતી તા.૦૧/૦૬/૨૦૧૯ની સ્થિતિએ રોસ્ટર ક્રમાંકની વિગતો સાથે નીચે જણાવેલ સૂચનાઓ ધ્યાને લઈ તા.૨૬/૦૪/૧૯ના રોજ ૧૧.૦૦ કલાકે રૂબરૂમાં મોકલવાની વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.

૧. નિયમિત ભરતી પ્રક્રિયામાં કોઇ પ્રશ્ન ઊભો ન થાય તે હેતુથી આ અગાઉની બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ભરતી માટે અરજદારશ્રી દ્વારા કોર્ટ મેટર કરવામાં આવેલ છે તેવી શાળાઓની ખાલી જગ્યાની માહિતી અલગથી આપવાની રહેશે.

૨. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ/રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જે વિષયની ટાટની પરીક્ષા લીધેલ હોય અને વિષય તરીકે માન્યતા આપેલ હોય તે વિષયના શિક્ષણ સહાયકોની ભરતી માટે આપના જિલ્લાની શાળાઓની ખાલી જગ્યાની માહિતી આપવાની રહેશે. ટાટની પરીક્ષા લેવાયેલ નથી તે વિષયની ખાલી જગ્યાઓનો સમાવેશ કરવો નહી.

૩. સંદર્ભદર્શિત-૩માં જણાવેલ આ કચેરીના તા.૦૯/૦૮/૧૮ના પત્રથી માગેલ પત્રકોમાં વિષયવાર અલગ અલગ પત્રકોમાં શાળાવાર ખાલી જગ્યાની માત્ર શિક્ષણ સહાયકોની માહિતી આપવાની રહે. આ માહિતી એક્સેલ શીટમાં અંગ્રેજીમાં "TIMES NEW ROMAN" ફોન્ટમાં અંગ્રેજી ભાષામાં જ તમામ માહિતી આપવી.

૪. મહિલા અનામતની જગ્યા હોય ત્યાં સ્પષ્ટ રીતે મહિલા અનામત દર્શાવવું. તે જ રીતે શારીરિક રીતે ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો માટે રાખવામાં આવેલ અનામત જગ્યા કયા પ્રકારની ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો માટે અનામત રાખવાની થાય છે તેની સ્પષ્ટતા રિમાર્કસ કોલમમાં દર્શાવવી.

૫. ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ, ઉર્દુ માધ્યમ, હિન્દી માધ્યમ તથા સ્પેશીયલ શાળા કે જે અનુદાનિત શાળાઓ છે જેની ભરતી પ્રક્રિયા કેન્દ્રીયકૃત ધોરણે કાર્યવાહી કરવામાં સમાવેશ થાય છે. તે શાળાઓની જ માહિતી મોકલવાની રહેશે. (માધ્યમ વાઈઝ અલગ વિગતો રજુ કરવાની રહેશે.)

Scanned by CamScanner

૬. આપના જિલ્લાના નિયંત્રણ હસ્તકની બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓ પૈકી કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયામાં સમાવેશ થાય છે તેવી તમામ શાળાઓની વિગતો પૂરતી ચકાસણી કરી આપવાની રહેશે. કોઈ શાળાની ખાલી જગ્યા રહી જવા ન પામે તેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

૭. અગાઉ વર્ષ-૨૦૧૬ની ભરતી પ્રક્રિયામાં સમાવેશ થયેલ પૈકીની ખાલી જગ્યાઓ સામે રિમાર્ક્સ કોલમમાં રિમાર્ક્સ દર્શાવવા.

ઉપરોક્ત માહિતી ટોચઅગ્રતા આપીને નિયત થયેલ સમયમર્યાદામાં મોકલવાની વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે. માહિતી મોકલવા અંગે કોઈ સ્પષ્ટતાની જરૂર જણાય તો આ કચેરીની માધ્યમિક શાખાનો સંપર્ક કરવાનો રહેશે.

(એચ.એન.ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર

Scanned by CamScanner